# **રાજકોટના મહે. ત્રીજા એડીશ્નલ સીવીલ જજ અને જયુડી. મેજી.ફ.ક. (એસ.ડી.હિંગુ)સાહેબની કોર્ટમાં**

ફોજદારી કેસ નં.૪૬૧૪૬/૨૦૨૫
આંક–૦૬

ફરીયાદી:– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી:– સંગીતાબેન અશ્વીનભાઇ જખાણીયા

**બાબત:– <u>પ્રોહી એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ</u>**

**–: ચુકાદો:–**

(૧) આજ રોજ નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના ઉપક્રમે રાષ્ટ્રીય લોક અદાલત ચોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે. ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ–૬૫(એ)(એ)મુજબની ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ અને તે અંગે ઇન્સાફી કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) અરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી વિરૂદ્ધ ચાર્જફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનું જણાવેલ છે .

(૪) આરોપીએ ગુન્હાની કબુલાત પુરસીસ આપી તેમાં એવી હકીકત જાહેર કરેલ છે કે મારો આ પ્રથમ ગુન્હો છે . અમો સામાન્ય અને ગરીબ વર્ગના માણસ છીએ, અમારે કોઇ સ્થિર ધંધો નથી, અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ, જેથી અમો અમારૂ તથા અમારા કુટુંબનું ગુજરાન કરી શકીતે તેવી સ્થિતીમાં ન હોવાથી અજાણતા હાલનો ગુનો કરેલ છે. અમારી આર્થીક પરિસ્થીતી સારી ન હોય ઉપરાંત રોજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર આવવાની જરૂર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઇ જાય જે તમામ હકીકતો અમારો પ્રથમ ગુન્હો હોય અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાણાંનો વ્યવ અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદેશ્યથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ .

(૪.૧) આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતો હવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૫) તમામ રેકર્ડ ઉપરની હકીકત લક્ષમાં લેતાં આ ગુન્હાની ટ્રાયલ માટે હાલના કામનો સરકારી અમલદાર ફરીયાદી, સરકારી અમલદાર સાહેદો, પંચો, સરકારી અધિકારી ડોકટર સાહેદ અને સરકારી અધિકારી ત.ક.અ.ને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય , વર્તમાન કોર્ટમાં પેન્ડીંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતાં ટુંકા સમયમાં હાલના ગુન્હાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહી.આરોપીનો સમય, ફરીયાદપક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતીત થાય અને ટ્રાયલના અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુન્હો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો સમય બચે છે તે અન્ય ગંભીર ગુન્હાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોય ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુન્હાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરીસ્થીતીઓને ધ્યાને લઈ તેમજ નામદાર ગુજરાત વડી અદાલતે ***ગુજરાત સરકાર વિરૂધ્ધ નટવર હીરાચન્દ્રજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯*** ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલ મીનીમમ સજા કરતા ઓછી સજા કરીને મીનીમમ દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોય ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષીત ઠરાવી નીચે મુજબનો હુકમ કરૂ છું:–

**–:હુકમ:–**

બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે આરોપી સંગીતાબેન અશ્વીનભાઈ જખાણીયાને તકસીરવાન ઠરાવી ધી પ્રોહી એકટની કલમ–૬૫(એ)(એ), મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૨૦૦/– નો દંડ અંકે રૂપીયા બસ્સો પુરાનો દંડ ભરવાનો હુકમ કરવમાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા.૧૩ માહે સપ્ટેમ્બર સને–૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

રાજકોટ
તા.૧૩/૦૯/૨૦૨૫

(સ્મિત દિલીપભાઈ હિંગુ)
ત્રીજા અધિક સીવીલ જજ અને
જયુડી.મેજી.ફ.ક.રાજકોટ
કોડ–જી.જે.૦૧૬૦૭

ફોજદારી દંડની રકમ રૂા.૨૦૦/–

દંડની પહોંચ નં................તા.૧૩/૦૯/૨૦૨૫

થી વસુલ લીધા.

NAZIR

C.J.M.Court, Rajkot.